અંધ, વિકલાંગ, મંદબુદ્ધિવાળી તથા બહેરી મુંગી વ્યક્તિઓને ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની બસોમાં પ્રવાસ ભાડા રાહત આપવાની યોજના.

ગુજરાત સરકાર
સમાજ કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : અપગ-૧૦૯૬-૨૭૯-છ
સચિવાલય, ગાંધીનગર.

તા. ૧-૭-૧૯૯૮

વંચાણે લીધા :-

(૧) સમાજ કલ્યાણ વિભાગનો તા. ૨૯-૧૦-૧૯૮૬નો ઠરાવ ક્રમાંક અપગ/૧૦૮૪-૧૬ ૩(૮૬)છ
(૨) સમાજ કલ્યાણ વિભાગનો તા. ૧૪-૧-૧૯૮૭નો ઠરાવ ક્રમાંક અપગ-૧૦૮૪-૧૬ ૩૧(૮૬)છ
(૩) ગૃહ વિભાગનો તા. ૧૧-૩-૧૯૯૧ નો ઠરાવ ક્રમાંક એસ.ટી.સી. ૩૪૮૦-૭૧૪૩-ઈ-૧
(૪) સમાજ કલ્યાણ વિભાગનો તા. ૪-૭-૧૯૯૧નો ઠરાવ ક્રમાંક અપગ-૧૦૯૦-ન-૮-છ
(૫) સમાજ કલ્યાણ વિભાગનો તા. ૧૮-૧-૧૯૯૨ નો ઠરાવ ક્રમાંક અપગ-૧૦૯૧-મુમ-૪૧-છ

આમુખ..

આમુખમાં દર્શાવેલ ઠરાવથી અંધ વિકલાંગ, બહેરીમુંગી તથા મંદબુદ્ધિવાળી વ્યક્તિઓને અભ્યાસ કે સારવાર માટે તેમજ નોકરી ધંધાના સ્થળે જવા માટે તથા અન્ય સામાજિક કારણોસર ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની બસમાં મુસાફરી કરવા માટે પ્રવાસભાડામાં રાહત આપવાના હુકમો કરવામાં આવેલા છે. હાલની પ્રથા મુજબ સંબંધિત વ્યક્તિઓને નિગમની બસમાં રાહત દરે મુસાફરી કરવા માટે સમાજ સુરક્ષા ખાતા પાસેથી કુપન મેળવવાની રહે છે જે કુપન મેળવવા માટે સંબંધિત વ્યક્તિઓને જે તે જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીને નિયત નમુનામાં ડોકટરનું અશક્તાની ટકાવારી દર્શાવતું પ્રમાણપત્ર તથા બે ફોટા સાથે અરજી કરવાની રહે છે. અને સંબંધિત વ્યક્તિની અશક્તાની ટકાવારી પ્રમાણે વિકલાંગ વ્યક્તિઓને સમાજ સુરક્ષા અધિકારીની કચેરી તરફથી સાદુ ઓળખપત્ર અને અલગ અલગ રંગની કુપનબુકો આપવામાં આવે છે. કુપન મેળવ્યા બાદ અરજદારે તેમાં એસ.ટી. નિગમના અધિકૃત અધિકારીની સહી સિક્કા કરાવીને એસ.ટી. બસમાં પ્રવાસવખતે કન્ડકટરને તે કુપન આપવાની હોય છે. આ કુપનબુક પુરી થતાં વિકલાંગ વ્યક્તિઓ ફરીથી કુપનો મેળવવા માટે ફરીથી જીલ્લા સમાજ સુરક્ષા કચેરીમાં જવુ પડે છે. આ જટીલ અને લાંબી પ્રક્રિયાને નિવારી વહીવટમાં સરળીકરણ કરવાની નવી પ્રજાકીય સરકારના ઉદ્દેશને મૂર્તિમંત કરી શકાય તે માટે હાલની પ્રથામાં પરિવર્તન લાવવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી. આ અંગે પુખ્ત વિચારણા કર્યા બાદ રાજ્ય સરકાર હાલની કુપન પ્રથાને બદલે (લેમીનેટેડ) ઓળખકાર્ડની પ્રથા કરવા નિર્ણય કરેલ છે.

ઠ રા વ...

અંધ, વિકલાંગ, મંદબુદ્ધિવાળી તથા બહેરી મુંગી વ્યક્તિઓને એસ.ટી. નિગમની બસમાં મફત મુસાફરી માટે હાલ કુપનબુકની પ્રથા બંધ કરવામાં આવે છે. અને તેને બદલે નીચે મુજબની (લેમીનેટેડ) ઓળખકાર્ડની પ્રથા અપનાવવાનું ઠરાવવામાં આવે છે.

१. આવી વ્યકિતઓને હાલમાં આપવામાં આવતા સાદા ઓળખકાર્ડને બદલે લેમીનેટેડ કરાયેલ ફોટા સહિતના અપંગતાના પ્રકાર મુજબ ત્રણ અલગ અલગ રંગના ઓળખકાર્ડ આપવામાં આવશે જે મેળવવા માટે નિયત નમુનામાં અપંગતાની ટકાવારી (વિકલાંગ માટે) અથવા બુદ્ધિનો અંક (મંદબુદ્ધિ માટે) દર્શાવતા નિષ્ણાત તબીબી (એમ.ડી અથવા એમ.એસ) નું તબીબી પ્રમાણપત્ર તથા સ્ટેમ્પ સાઈઝના બે ફોટા સાથે સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીને આ ઠરાવ સાથેના નમુનામાં અરજી કરવાની રહેશે. જેમાં એક ફોટો અરજી પત્ર ચોંટાડવાનો રહેશે. અરજીની ચકાસણી કર્યા બાદ સંબંધિત જીલ્લા સમાજ સુરક્ષા અધિકારી તરફથી ફોટા સહિતનું લેમીનેટેડ ઓળખપત્ર આપવામાં આવશે. આવુ ઓળખપત્ર ધરાવનાર વ્યકિતઓને એસ.ટી.નિગમના બસભાડામાં નીચે પ્રમાણે રાહત આપવાની રહેશે.

(૧) અંધજન તથા તેની સાથે રાખવામાં આવતા સહાયકને સંપુર્ણપણે મફત મુસાફરી દેવામાં આવશે.

(૨) બહેરી મુંગી વ્યકિતઓને પણ સંપુર્ણપણે મફત મુસાફરી કરવા દેવામાં આવશે.

(૩) ૪૦ ટકા કે તેથી વધુ અપંગતા ધરાવતી વિકલાંગ વ્યકિતઓને સંપુર્ણપણે મફત મુસાફરી કરવા દેવામાં આવશે પરંતુ ૭૫ ટકા કે તેથી વધુ અપંગતા ધરાવતી વ્યકિતઓના કિસ્સામાં તેના સાથીદારને પણ પ્રવાસભાડામાં ૫૦ ટકા રાહત આપવામાં આવશે.

(૪) ૭૦ અથવા તેથી ઓછો બુદ્ધિઆંક ધરાવતી મંદબુદ્ધિવાળી વ્યકિતઓને સંપુર્ણપણે મફત મુસાફરી કરવા દેવામાં આવશે. જ્યારે તેમના અનુરક્ષકને પ્રવાસભાડામાં ૫૦ ટકા રાહત આપવામાં આવશે.

(૫) અંધજનોને સફેદ રંગના ઓળખકાર્ડ આપવાના રહેશે. જ્યારે ૭૫ ટકાથી ઓછી અપંગતા ધરાવતા વિકલાંગો અને બહેરી મુંગી વ્યકિતઓને વાદળી રંગના ઓળખપત્ર આપવાના રહેશે. ૭૫ ટકા કે તેથી વધુ વિકલાંગતા ધરાવતા વિકલાંગો તથા મંદબુદ્ધિની વ્યકિતઓને ગુલાબી રંગના ઓળખપત્ર આપવાના રહેશે.

૨. આ હુકમો અન્વયે ઓળખકાર્ડ મેળવવા માટે સંબંધિત અરજદાર અપંગ વ્યકિત (સમાનતક હકક રક્ષણ અને સંપુર્ણ સહયોગ) અધિનિયમ -૧૯૯૫ મુજબની શારીરિક માનસિક ક્ષતિ અંગેની તેમજ શ્રવણ અંગેની લઘુમતી વિકલાંગતા ધરાવતા હોવા જોઈએ. અને આવી વિકલાંગતા કે ખામી તેના રોજબરોજના કામકાજ કે વ્યવહારમાં ખરેખર અવરોધરૂપ હોવી જોઈએ.

૩. (૧) હાલમાં આવી વ્યકિતઓને સાદા ઓળખકાર્ડ આપવામાં આવે છે. તેના બદલે સમાજ સુરક્ષા ખાતા તરફથી લેમીનેટેડ ઓળખપત્ર વિના મુલ્યે આપવામાં આવશે. પરંતુ જ્યાં સુધી લેમીનેટેડ ઓળખપત્ર આપવામાં ન આવે ત્યાં સુધી હાલના ઓળખકાર્ડ પર ફકરા-૧ મુજબ મુસાફરી કરી શકાશે આવી વ્યકિતએ પ્રવાસ કરતી વખતે

આ ઓળખપત્ર પોતાની સાથે રાખવાનું રહેશે. સંજોગોવશાત આ ઓળખકાર્ડ ખોવાઈ જાય ફાટી જાય કે ગુમ થઈ જાય તો ફકરા-૧ માં જણાવેલ કાર્યવાહી અનુસરીને નવું ઓળખપત્ર મેળવવાનું રહેશે. જે વિના મુલ્યે આપવામાં આવશે.

(૨) જીલ્લાના સંબંધિત એ અરજદારે રજુ કરેલ તબીબી પ્રમાણપત્રની ચકાસણી કરીને સમાજ સુરક્ષા અધિકારીએ આવેલ અરજીપત્રકમાંની વિગતો તપાસી અંધ વ્યકિતને ઓળખપત્ર આપવાનું રહેશે.

(૩) સંબંધિત સમાજ સુરક્ષા અધિકારીએ તેમને મળેલ અરજીઓની વર્ષવાર જુદી ફાઈલ રાખવાની રહેશે. અને નિયત રજીસ્ટરમાં તેની નોંધ રાખવાની રહેશે. આ કામગીરીનું કોમ્પ્યુટરાઈઝેશન કરવાનું રહેશે.

(૪) ઓળખપત્ર તબદીલીપાત્ર નથી આથી ઓળખપત્રનો ઉપયોગ જે તે વ્યકિતએ જ કરવાનો રહેશે.

(૫) ઓળખપત્ર કાઢી આપવાની કામગીરીમાં કોઈ પ્રસંગે વિવાદ ઉપસ્થિત થાય ત્યારે અરજદાર નિયામકશ્રી સમાજ સુરક્ષાને રજુઆત કરી શકશે અને નિયામકશ્રી સમાજ સુરક્ષાનો નિર્ણય આખરી ગણવામાં આવશે.

(૬) ઓળખપત્રો લેમીનેટેડ કરાવવાનો તથા માહિતી કોમ્પ્યુટરાઈઝડ કરવાનો ખર્ચ સંબંધિત જીલ્લાના સમાજ સુરક્ષા અધિકારીએ તેમને ફાળવવામાં આવેલ કન્ટીજન્સી ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.

૪. આ હુકમો થતાં અંધજનો માટે ગૃહ વિભાગની હાલની યોજના બંધ થયેલી ગણવાની રહેશે અને તે યોજનાના લાભ મેળવતા અંધજનોને આ યોજના હેઠળ આવરી લેવામાં આવશે અને તેમણે પણ સમાજ સુરક્ષા ખાતા પાસેથી લેમીનેટેડ ઓળખકાર્ડ મેળવવાનો રહેશે. નવા લેમીનેટેડ ઓળખકાર્ડ આપવામાં આવે ત્યાં સુધી તેમની પાસેના હાલના સાદા ઓળખકાર્ડ પર મુસાફરી કરી શકાશે.

૫. (૧) આ યોજના તા.૧-૪-૧૯૯૮ થી અમલમાં આવશે અને તેનો લાભ ફકત ગુજરાત રાજય ની રહેવાસી હોય તેવી વ્યકિતઓને જ મળવાપાત્ર રહેશે.

(૨) આ યોજનાનો લાભ ફકત ગુજરાત રાજયની હદની અંદરના પ્રવાસ માટે જ આપવામાં આવશે ગુજરાત રાજયની હદ બહારના સ્થળોએ જવા ગુજરાત રાજય માર્ગવાહન વ્યવહાર નિગમની બસમાં મુસાફરી કરવામાં આવશે તો પણ યોજનાનો લાભ મળી શકશે નહીં.

(૩) ઓળખકાર્ડનો નમુનો આ ઠરાવ સાથે જોડેલ છે.

130



૬. (૧) હાલની મફત મુસાફરીની યોજના હેઠળ હાલમાં રાજ્યમાં ઓળખપત્ર ધરાવતા કુલ ૧.૫૦ લાખ લાભાર્થીઓ છે નવી યોજના માટે ૧૯૯૭-૯૮ ના વર્ષને પાયાનું વર્ષ ગણતાં રૂા. ૩૫૦ લાખ નિગમને ચુકવવાપાત્ર થાય છે. તેથી લાભાર્થીઓની ઉપરોક્ત સંખ્યા અને ઉપર દર્શાવેલ ખર્ચને તા.૧-૪-'૯૮ ના રોજ પાયાની સંખ્યા અને પાયાનો ખર્ચ ગણવાનો રહેશે.

(૨) દર વર્ષે એપ્રિલ-જુન, જુલાઈ-સપ્ટેમ્બર, ઓક્ટોમ્બર-ડિસેંબર, અને જાન્યુઆરી-માર્ચ, ના દરેક ત્રિમાસિક ગાળામાં ઉપરોક્ત પાયાની સંખ્યામાં લાભાર્થીઓની સંખ્યામાં થયેલ વધારાની ટકાવારી પ્રમાણેના પાયાના ખર્ચ ઉપર તે ત્રિમાસિક ગાળાની રકમનાં વધારો આપવામાં રહેશે.

(૩) દર વર્ષે એપ્રિલ, જુલાઈ, ઓક્ટોમ્બર, અને જાન્યુઆરી એમ ચાર ત્રિમાસિક હપ્તામાં સમાજ કલ્યાણ વિભાગે) નિગમને બસભાડા પેટે રકમ ચુકવવાની રહેશે.

(૪) જયારે એસ.ટી.ના ભાડામાં વધારો થાય ત્યારે રૂા.૩૫૦ લાખને પાયાની રકમ ગણીને તેના પર જયારથી ભાડુ વધ્યુ હોય ત્યારથી ભાડા વધારાની ટકાવારી પ્રમાણે વધારાની રકમ ચુકવવાની રહેશે.

(૫) સમાજ કલ્યાણ વિભાગે તા.૧-૪-'૯૮ બાદ એસ.ટી. નિગમને હવે કલાર્કે જ ચાર્જ પેટે કોઈ જ રકમ ચુકવવાની રહેશે નહીં.

(૬) આ અંગેનું ખર્ચ મુખ્ય સદર ૨૨૩૫-સામાજિક સુરક્ષા અને પેટા સદર અપંગોના કલ્યાણની યોજના હેઠળ જે તે વર્ષમાં કરવામાં આવેલ નાણાંકીય જોગવાઈમાંથી કરવાનું રહેશે.

આ ઠરાવમાં જોગવાઈ કરવામાં આવેલી હોય તે સિવાય આમુખમાં દર્શાવેલા ઠરાવોની જોગવાઈઓ યથાવત રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર ગૃહ વિભાગની તા.૩૦-૩-૧૯૯૮ ની તેમજ નાણાં વિભાગની તા.૩૦-૪-૧૯૯૮ ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

રમણ આર્ય
નાયબ સચિવ,
સમાજ કલ્યાણ વિભાગ.

૧૨૦

: ૫ :

:૫:

પ્રતિ,

માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન,ગાંધીનગર.

મા.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી સચિવાલય,ગાંધીનગર.

મા.મંત્રીશ્રી (સમાજ કલ્યાણ)ના અંગત સચિવશ્રી સચિવાલય,ગાંધીનગર.

રાજ્યમંત્રીશ્રીઓ-રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ અને નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
સચિવાલય,ગાંધીનગર

ઉપાધ્યક્ષશ્રી અને મેનેજીંગ ડાયરેકટર, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ, અમદાવાદ.

મુખ્ય વહીવટી અધિકારીશ્રી,ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ,અમદાવાદ.

નિયામકશ્રી સમાજ સુરક્ષા ખાતુ, અમદાવાદ.

સચિવાલયના સર્વે વિભાગો.

એકાઉન્ટન્ટ જનરલ,અમદાવાદ/રાજકોટ.

પગાર અને હિસાબી અધિકારીશ્રી,અમદાવાદ,ગાંધીનગર.

નિવાસી ઓડિટ અધિકારીશ્રી અમદાવાદ ગાંધીનગર.

સર્વે જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (નિયામકશ્રી સ.સુ.મારફતે.)

માહિતી નિયામકશ્રી જુના સચિવાલય,ગાંધીનગર.
( આ યોજનાની બહોળી પ્રસિધ્ધિ માટે જરુરી પ્રેસનોટ આપવાની વિનંતી સાથે).

આ વિભાગની સર્વે શાખાઓ.

પસંદગી ફાઈલ છ શાખા.

મદદનીશ પસંદગી ફાઈલ.

પત્ર દ્વારા.